ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

ક્રમાંક:ગુજરેરા/હુકમ-૩૦ તા.૨૭/૦૯/૨૦૧૯

## હુકમ-૩૦

ગુજરાત રાજ્યમાં રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ,૨૦૧૬ તા. ૦૧/૦૫/૨૦૧૭ ના રોજથી અમલમાં આવેલ છે. રેરા ઓથોરેટી એ ગુજરાત સરકારે સ્થાપેલ સ્વાયત સત્તામંડળ છે અને તે સમગ્ર રાજ્યનું કાર્યક્ષેત્ર ધરાવે છે.

ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ હેઠળ રીયલ એસ્ટેટ પરિયોજનાની નોંધણી રેરા સત્તામંડળ હેઠળ કરવામાં આવે છે. તે પરિયોજનાઓને રેરા કાયદા અંતર્ગત ત્રિમાસીક અહેવાલ રજુ કરવાનો હોય છે. રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની કલમ-૪(l) (C), ૧૧, અને ૧૭ ની જોગવાઇઓ અનુસાર ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) (રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી લગત બાબતો) નિયમનોના નિયમ-૧૦(d) મુજબ દરેક પ્રમોટરે રજીસ્ટ્રેશન સર્ટીફિકેટમાં પ્રસ્તાવિત પ્રોજેક્ટ સમાપ્તિ તારીખ પહેલાં પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો રહે છે. ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ,૨૦૧૬ ની કલમ-૧૧(૧)(c)(d)(e)(f), ૧૧(3)(b),૧૧(૪)(b), ૧૧(૪)(e), ૧૧(૪)(f) તથા ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) (મેટર્સ રીલેટીંગ ટુ ધી રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી) રૂલ્સ, ૨૦૧૬ ના રૂલ-૧૦(d) ની જોગવાઇઓ તથા ગુજરેરાના તા.૧૫/૦૧/૨૦૧૮ ના ઓર્ડર-૫ ની સુચના મુજબ દરેક પ્રમોટરે પોતાના રજીસ્ટર્ડ પ્રોજેક્ટ સબંધી નિયત વિગતો ત્રિમાસીક અહેવાલો તથા ઓર્ડર-૬, ઓર્ડર-૧૧, ઓર્ડર-૧૮ અને ઓર્ડર-૨૦ ની સુચના મુજબ અંતિમ અહેવાલ ગુજરેરાના પોર્ટલ પર નિયત સમયમાં રજુ કરવાનો રહે છે.

પ્રોજેક્ટ્ના અંતિમ અહેવાલના દસ્તાવેજોની ચકાસણી દરમ્યાન અત્રે ધ્યાન પર આવેલ છે કે, અસ્પષ્ટ, અધૂરા તથા વિસંગત દસ્તાવેજો સાથેની વિગતો રજૂ થાય છે આથી પ્રોજેક્ટના એન્ડ (end) કમ્પ્લાયન્સ (Project completion compliance) માટે જરૂરી સ્પષ્ટતા કરવી યોગ્ય જણાય છે.

હાલમાં પ્રમોટર તેમના પ્રોજેકટ એન્ડ (end) કોમ્લાયન્સ માં ફોર્મ-૧ ટેબલ-એ માં પ્રોજેકટ માટે મેળવેલ જરૂરી ન વાંધા પ્રમાણપત્રો(ફાયર, લીફટ અને પર્યાવરણ તથા અન્ય લાગુ પડતા) અપલોડ કરી શકે છે તેમજ બી.યુ.પ્રમાણપત્ર મળ્યા તારીખ દર્શાવી, બી.યુ.પ્રમાણપત્ર પણ અપલોડ કરી શકે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ છે. પ્રમોટરશ્રીઓ એ તે મુજબ અનુસરવાનું રહેશે.

ઉક્ત વિગતે પ્રોજેક્ટ પ્રમોટરશ્રીઓ પ્રોજેક્ટના એન્ડ (end) કમ્પ્લાયન્સ (Project completion compliance) સાથે રજૂ કરવાના થતા દસ્તાવેજો નીચે મુજબની વિગતો સાથે પ્રોજેક્ટ એન્ડ (end) કોમ્પ્લાયંસ અપલોડ કરે તેમ હુકમ કરવામાં આવે છે.

| For Projects where Q-E not Submitted | | | | | |
|---|---|---|---|---|---|
| **No** | **Document/ Details** | **Compulsory (Yes/ No)** | **Type** | **Size** | **Where to be Submitted** |
| **1** | **"BU MAPs" as approved by Competent Authority** | **Yes** | **PDF** | **100 MB** | **Form 1-A in Q-E** |
| **2** | **Latest Revenue Record (7/12, Property Card)** | **Yes** | **PDF** | **5 MB** | **After Form 3-C in Q-E** |
| **3** | **Society Registration Certificate** | **Yes** | **PDF** | **5 MB** | **After Form 3-C in Q-E** |
| **4** | **Society Registration Date** | **Yes** | **Date** | **NA** | **After Form 3-C in Q-E** |

આથી હવે પછી પ્રમોટરો જ્યારે પ્રોજેક્ટ એન્ડ (end) કમ્પ્લાયન્સ કરે ત્યારે ઉપર મુજબની વિગતો પણ અપલોડ કરવાની રહેશે જેથી પ્રોજેક્ટ ખરેખર પૂર્ણ થયા અંગેનું આધાર સહિત પુષ્ટીકરણ થઈ શકે. વધુમાં અત્યાર સુધીમાં જે પ્રમોટરોએ પ્રોજેક્ટ એન્ડ (end) કમ્પ્લાયન્સ કરી દીધેલ છે તેવા પ્રમોટરોએ પણ નીચેની વિગતો પોતાના વેબ પેજ ઉપર તા.૩૦/૧૧/૨૦૧૯ સુધીમાં અપલોડ કરવાની રહેશે.

| For Projects where Q-E is already submitted (Facility for One-time submission) - Promoter Login/My Profile/Mandatory Project Completion Compliance | | | | | |
|---|---|---|---|---|---|
| **No** | **Document/ Details** | **Compulsory (Yes/ No)** | **Type** | **Size** | **Where to be Submitted** |
| **1** | **ALL BU Certificate for all Blocks of the Project** | **Yes** | **PDF** | **100 MB** | **Under My Profile** |
| **2** | **ALL "BU MAPs" as approved by Competent Authority** | **Yes** | **PDF** | **100 MB** | **Under My Profile** |
| **3** | **Latest Revenue Record (7/12, Property Card)** | **Yes** | **PDF** | **5 MB** | **Under My Profile** |
| **4** | **Society Registration Certificate** | **Yes** | **PDF** | **5 MB** | **Under My Profile** |
| **5** | **Society Registration Date** | **Yes** | **Date** | **NA** | **Under My Profile** |

પ્રોજેક્ટના એન્ડ (end) કમ્પ્લાયન્સ (Project completion compliance) માટે ઉપર મુજબની કાર્યવાહી કરવા આથી હુકમ કરવામાં આવે છે.

ચેરમેન
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ગાંધીનગર